ગગનભેદી વિજકડાકાથી ગાંધીનગરનુ ગગન ગાજયુ

શહેરમાં એક કલાકમાં બે ઈંચ વરસાદ

બપોરના સમયે આકાશમાં કડાકા ભડાકા સાથે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી : આક્રમક વિજકડાકા અને વાદળ ગર્જના સાથે મેઘરાજા ધોધમાર વરસતા શહેરમાં ચોમેર જળબંબાકારની સ્થિતિ : તોફાની વરસાદથી જનજીવન પ્રભાવિત

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી નગરજનો આકરો ઉકળાટ વેઠી રહ્યા હતા જયારે આજે સવારથી વાતાવરણમાં આકરો બફારો અનુભવતા સેકટરવાસીઓ મુંઝારો અનુભવી રહ્યા હતા. આ દરમિયાન બપોરના સમયે અચાનક જ આકાશમાં ગોરંભાયેલા કાળા ડીબાંગ વાદળો વચ્ચે ગગનભેદી વિજકડાકા અને વાદળ ગર્જનાથી ગાંધીનગર ગાજયુ હતુ. વિજકડાકા સાથે ધોધમાર વરસાદ વરસતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. એક જ કલાકમાં શહેરમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી તોફાની વરસાદથી જનજીવન પ્રભાવિત થયુ હતુ. જો કે મેઘરાજા થોડીવાર માટે બઘડાટી બોલાવી અદ્રશ્ય થઈ ગયા હતા બપોરના સમયે તડકો નિકળ્યો હતો. વરસાદી વાયરાથી વાતાવરણમાં ઠંડક પ્રવર્તી હતી. શહેરમાં સિઝનનો ૪૪૦ મી મી અલબત્ત ૧૮ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે મેઘરાજા શ્રાવણના સરવરિયા વરસાવી જતા સેકટરોમાં ભીંજારાના અંતે આકરો ઉકળાટ અનુભવતા નગરજનો મેઘરાજાના મંદ મિજાજથી પરેશાન હતા. જયારે આજે પણ સવારથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટ પ્રવર્તયો હતો નાગરિકો બફારાથી ત્રસ્ત થઈ ગયા હતા. સવારના આકરા ઉકળાટથી વ્યથિત નગરજનો વરસાદની આશ સાથે નભ તરફ નજર માંડરી રહ્યા હતા આ દરમિયાન બપોરના સમયે અચાનક જ વાતવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં કાળા ડીબાંગ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે પલવારમાં જ વરસાદી વાદળોથી છવાયેલા આકાશમાં અચાનક જ વિજ કડાકા અને વાદળ ગર્જના સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. થોડીવારમાં મેઘરાજાનુ તોફાની સ્વરૂપ જોવા મળ્યુ હતુ. ગગનભેદી વિજકડાકા અને વાદળ ગર્જનાથી ગાંધીનગરનુ ગગન ગાજયુ હતુ. આકાશમાં વિજ ચમકારા વચ્ચે આક્રમક વિજકડાકાથી નગરજનો પણ ડઘાઈ ગયા હતા. સેકટરોમાં મહીલાઓ અને બાળકોમાં પણ ગભરાટ વ્યાપી ગયો હતો. વિજળીના કડાકા વચ્ચે મેઘરાજા

● અનુસંધાન પાન-૭ પર

સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા

- શહેરના ઘ-૪ અન્ડર પાસ પાણીમાં ગરકાવ થયો વાહનચાલકો અટવાયા
- જિલ્લા કલેકટર કચેરી અને કોર્ટ પાસે પણ વરસાદી પાણી ઉભરાતુ નજરે પડયુ
- રેલવે સ્ટેશન પાસેનો અન્ડર પાસમાં પણ જળબંબાકારની સ્થિતિ
- સે-૩ માં રીંગ રોડ પર વરસાદી પાણી હીલોળા લેતુ નજરે પડયુ
- સેકટરોના કોમન પ્લોટ બેટમાં ફેરવાયા સે-૪ માં પણ મંદિર પાછળનુ મેદાન તળાવમાં ફેરવાયુ
- રોડ નં -૩ પર ગ -૩ થી ખ-૩ તરફ જવાના માર્ગ પર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ
- ઘ-૨ સર્કલ પાસે ખુંણા પર વરસાદી પાણીના ભરાવાથી ટ્રાફિક પ્રભાવિત
- મહાત્મા મંદિરની બન્ને બાજુ કોર્નર પર વરસાદી પાણી ઉભરાયા
- સે-૩ માં શકિતચોક સામે રીંગ રોડ પર જળબંબાકાર
- સે-૬ બી એ સે-૪ બી માં પણ વરસાદી પાણીનો ભરાવો
- ઘ-૨ પેટ્રોલપંપ પાસે પણ વરસાદી પાણીનો ભરાવો
- સે-૬ પોલીસ સ્ટેશનમાં પણ જળબંબાકાર
- શહેરના ઘ માર્ગ પર ઘ- ૦ થી ઘ- દોઢ વચ્ચે મુખ્યમાર્ગ પર વરસાદી પાણી ભરાતા ટ્રાફિક જામ
- ઘ- દોઢથી સેકટર ૩ માં જવાના કોર્નર પર પાણી ભરાતા વાહનો ખોટવાયા
- સે-૫ માં પણ નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા
- સે-૭ પ્રાથમિક શાળા , સૌરાષ્ટ્ર વાડી શાકમાર્કેટ ઝુંપડપટ્ટી વિસ્તાર પાણીથી ઉભરાયો
- સે-૨૨, સે-૨૪ તેમજ સે-૨૧ ના શોપિંગ વિસ્તારમાં પણ વરસાદી પાણી ઉભરાયા

સતત બીજા દિવસે કાચુ સોનુ વરસ્યુ

કલોલમાં અર્ધો ઈંચ તો દહેગામમાં ૪ મી.મી. વરસાદ : ખેડૂતોમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ 'કાચા સોના' જેવા ગણાતા મેઘરાજાની પધરામણીથી ખુશીનો માહોલ જોવા મળતો હતો.

ગાંધીનગર તાલુકામાં તો આજે બે કલાકમાં જ બે ઈંચ જેટલો વરસાદ નોંધાતા ગ્રામ્ય વિસ્તાર અને ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. બપોરે ૧૨ થી ૨ ના ગાળામાં જ ગાજવીજ સાથે ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા આ વરસાદને લઈ તંત્ર પણ દોડતુ થઈ ગયુ હતુ. ગાંધીનગર શહેરમાં કર્મયોગી ભવનમાં વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપલાઈનો લિકેજ હોવાથી તેમજ સિવિલ હોસ્પિટલ સંકુલ, જિલ્લા પંચાયત, મનપાની નવી કચેરી, એક્ઝીબીશન સેન્ટર ખાતે પાણીના નિકાલની યોગ્ય નિકાલની વ્યવસ્થાના અભાવે પાણી ભરાઈ જવા પામ્યા હતા. જો કે સાંજે પાંચ વાગ્યા સુધી આ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં તળાવોમાં નવા પાણીની આવક થવા સાથે ગ્રામીણ વિસ્તારોમાં પણ પાણી ભરાઈ જવાની ફરિયાદો ઉઠી હતી. બપોર બાદ તડકો નીકળતાં ગ્રામ્ય વિસ્તારમાં કાદવ-કીચડ જોવા મળ્યો હતો. જિલ્લામાં આજે નોંધાયેલો વરસાદ 'કાચા સોના' જેવો હતો તેમ ખેડૂતો કહી રહ્યા છે. જિલ્લામાં ખંડીય વૃષ્ટિ થઈ રહી છે પણ સંતોષકારક વરસાદ થઈ રહ્યો હોવાનો ભાવ ખેડૂતો વ્યક્ત કરતા જણાયા હતા.

ગગનભેદી વિજકડાકાથી વિદ્યાર્થીઓમાં ફફડાટ પ્રવર્તયો

આજે બપોરના સમયે અચાનક વિજકડાકા અને વાદળ ગર્જના વચ્ચે ધોધમાર વરસાદ વરસતા સેકટરવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગગનભેદી વિજકડાકાથી ગાંધીનગરનુ આકાશ ગાજયુ હતુ જયારે બપોરના શાળાઓ છુટવાના સમયે મેઘરાજાના તોફાની મિજાજથી વાલીઓ પણ ચિંતામાં મુકાયા હતા. આક્રમક વિજકડાકાના લીધે પ્રાથમિક શાળામાં અભ્સાસ કરતા બાળકો પણ વર્ગ ખંડમાં ગભરાઈને રડમસ બની ગયા હતા. જયારે વાલીઓ વરસાદના તોફાની મિજાજને અનુલક્ષી બાળકોને શાળા છુટયુ પહેલા જ સ્કુલે લેવા પહોંચી ગયા હતા.

હર ઘર નિરંગા - આઝાદીના અમૃત પર્વ નિમિત્તે ૧૩ ઓગષ્ટ થી ૧૫ ઓગષ્ટ દરમિયાન દેશના નાગરિકો પોતાના ઘર પર તિરંગો ફરકાવી ગૌરવ અને ગર્વ વ્યક્ત કરે તેના સમર્થનમાં અને પ્રચાર અર્થે એસ.આર.પી. ગ્રુપના જવાનોએ સેક્ટર-૬ની સત્યાગ્રહ છાવણીથી મશાલ યાત્રા યોજી હતી... દેશની આઝાદી સંગ્રામની યાદ અપાવે એવી આ મશાલ યાત્રાને નાગરિકોએ રાષ્ટ્રપ્રેમથી છલકાતા ઉમળકાભેર વધાવી હતી... મશાલ યાત્રાનો નઝારો એટલો અદ્ભૂત હતો કે, માર્ગો પરથી પસાર થતા વાહન ચાલકો અને નાગરિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો...

સન્માનિત પંચાયતને બે લાખ અને પશુપાલનક્ષેત્રે દૂધ ઉત્પાદનની સંસ્થાઓને ૧૧-૧૧ હજારની વિશેષ ગ્રાન્ટ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ દિલીપભાઈ પટેલ દ્વારા આજે નારી નેતૃત્વ દિનની ઉજવણીને યાગદાર બનાવવામાં આવી છે.

જિલ્લા પંચાયતના સરદાર હોલમાં યોજાયેલ ઉજવણીના કાર્યક્રમમાં તેમણે પંચાયતમાં સફળતાપૂર્વક નેતૃત્વ કરનાર ૪ ગ્રામ પંચાયતોને રૂ. બે-બે લાખની વિશેષ ગ્રામ્ય તેમજ પશુપાલન અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરનાર મહિલાઓને રૂ. ૧૧-૧૧ હજારની વિશેષ ગ્રાન્ટ તેમની પ્રમુખ તરીકેની ગ્રાન્ટમાંથી ફાળવી આપવાની જાહેરાત કરી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલે મહિલાઓની વધતી સક્રિયતાથી પંચાયતીરાજમાં આવી રહેલા બદલાવની સાથે સાથે સામાજિક સમરસતાને વધુ સુદૃઢ બનાવવા તેમજ ગ્રામ્ય વિસ્તારમાં પશુપાલનને યોગ્ય પ્રોત્સાહન મળે તે જરૂરી હોવા પર ભાર મુકી આ વિશેષ ગ્રાન્ટની ફાળવણીની જાહેરાત કરી હતી.

જિલ્લા પંચાયત પ્રમુખની આ જાહેરાતને મહિલા આગેવાનોએ વધાવી લીધી હતી.

આ કાર્યક્રમમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જહાનવીબેન પટેલ, જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલ, મહિલા બાળ વિકાસ અધિકારી, પ્રોગ્રામ ઓફિસર, જિલ્લા પશુપાલન અધિકારી એસ.આઈ. પટેલ તથા અન્ય અધિકારીઓ, પદાધિકારીઓ અને મહિલા સભ્યો સરપંચો અને ડેરી સાથે સંકળાયેલ મહિલા અગ્રણીઓ હાજર રહ્યા હતા.

Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

EXTRACT OF STATEMENT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30TH JUNE 2022

(Rs. in Lakhs)

Sr. No	Particulars	Standalone Results			Consolidated Results		
		Quarter ended 30.06.2022 (Unaudited)	Year ended 31.03.2022 (Audited)	Quarter ended 30.06.2021 (Unaudited)	Quarter ended 30.06.2022 (Unaudited)	Year ended 31.03.2022 (Audited)	Quarter ended 30.06.2021 (Unaudited)
1	Total Income from Operations(net)	48,574.89	2,12,452.17	53,103.27	5,69,146.34	18,42,755.39	3,50,585.88
2	Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items)	31,485.86	1,27,482.53	31,612.29	82,332.78	2,91,443.73	95,094.30
3	Net Profit/(Loss) for the period before tax (after Exceptional items and Share of profit/(loss) of joint venture and associates accounted for using the equity method (net of tax))	31,485.86	1,27,482.53	31,612.29	85,531.86	2,95,658.94	97,196.13
4	Net Profit/(Loss) for the period after tax and Exceptional items before discontinued operations	23,547.05	97,905.00	23,327.75	64,816.61	2,23,101.36	72,794.63
5	Net Profit/(Loss) for the period after tax from Discontinued Operations	-	3,069.77	(136.60)	-	-	-
6	Net Profit/(Loss) for the period after tax from Continuing and Discontinued Operations	23,547.05	1,00,974.77	23,191.15	64,816.61	2,23,101.36	72,794.63
7	Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)]	23,649.24	1,01,075.26	23,245.89	65,153.27	2,23,476.38	72,465.69
8	Equity Share Capital(face value of Rs. 10/- each)	56,421.14	56,421.14	56,421.14	56,421.14	56,421.14	56,421.14
9	Reserves(excluding Revaluation Reserve as shown in Balance Sheet)	-	7,87,869.97	-	-	7,35,453.17	-
10	Earnings per share(EPS) for the Period from Continuing and Discontinued Operations						
	a) Basic EPS(Rs.)	4.17	17.90	4.11	8.39	29.04	9.03
	b) Diluted EPS(Rs.)	4.17	17.90	4.11	8.39	29.04	9.03
	(face value of Rs. 10/- each)(not annualised for the quarter)						

Notes: 1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com) **2.** The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 4th August, 2022. **3.** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited

Place: Gandhinagar
Date: 4th August, 2022

Pankaj Kumar, IAS
Chairman and Managing Director

આજે ઈસનપુર મોટા ખાતે કૃષિક્ષેત્રે ડ્રોન ટેકનોલોજીનો નવતર પ્રયોગનો શુભારંભ

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કૃષિ ક્ષેત્રમાં ડ્રોન ટેક્નોલોજી-કૃષિ વિમાનના ઉપયોગ અંગેની નવી યોજના માટે કુલ રૂ.૩૫૦૦ લાખની જોગવાઈ

ગાંધીનગર, તા.૪

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પ સાથે કૃષિમાં ડ્રોન ટેકનોલોજીના ઉપયોગ સહિત અનેકવિધ નવા આયામો-સુધારા અમલી બનાવ્યા છે. વડાપ્રધાનશ્રીના આ સંકલ્પને સાકાર કરવા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી- કૃષિ વિમાનના મહત્તમ ઉપયોગ અંગેની નવી યોજના માટે કુલ રૂ.૩૫૦૦લાખની જોગવાઈ કરવામાં અવી છે. જેના ભાગરૂપે ચાલુ વર્ષે કુલ ૧.૪૦ લાખ એકરમાં પાક સંરક્ષણ રસાયણો, નેનો યુરીયા,ઝ્રર્ઝ્ર માન્ય પ્રવાહી તેમજ જૈવિક ખાતરના છંટકાવની કામગીરી બે પધ્ધતિ દ્વારા અમલમાં મૂકવાનો ગુજરાત સરકાર દ્વારા ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે તેમ કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, કૃષિક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેકનોલોજી-કૃષિ વિમાનના

● અનુસંધાન પાન-૭ પર

શિહોલી મોટીના ૧૨ ખેડૂતોના ૨૫ એકર વાવેતરમાં ડ્રોનથી દવાનો છંટકાવ થશે

ગાંધીનગર તાલુકાના ઈસનપુર મોટા ગામેથી આજે ડ્રોન મિશન અંતર્ગત પાકમાં દવાના છંટકાવની યોજનાનો આરંભ રાજયના મુખ્યમંત્રી કરાવવાના છે. તાલુકાના શિહોલી મોટા ગામના ૧૨ જેટલા ખેડૂતોની ૨૫ એકર જેટલા વિસ્તારમાં પાકમાં દવાનો છંટકાવ ડ્રોનની મદદથી કરવામાં આવશે. અગાઉ આનો સફળ પ્રયોગ માણસા તાલુકાના દેલવાડ ગામે કરવામાં આવ્યો હતો. ઈફ્કોની સબસીડીવરી કંપની દ્વારા ડ્રોનની મદદથી દવાનો છંટકાવ કરવાનો આ નવતર અભિગમ છે.

પ્રાકૃત્તિક ખેતી અંગે રાજ્યપાલશ્રી સંવાદ કરશે

આજે કૃષિક્ષેત્રે પ્રાકૃત્તિક ખેતી અંગે રાજ્યના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત પણ ૧૧ વાગે વંદે ગુજરાત ચેનલ નં. ૪ દ્વારા બાયસેગના માધ્યમથી ખેડૂતો સાથે સંવાદ કરશે. જિલ્લા સ્તરે તાલુકાસ્તરે તેમજ ગ્રામ્યસ્તર પર આ સંવાદનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. રાજ્યભરમાં જિલ્લાના કિસાન તાલિમ કેન્દ્રો, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, જિલ્લા-તા.પંચાયત, ગામના ઈ.ગ્રામ સેન્ટરો અને પ્રા. શાળાઓ ખાતેથી પાંચ લાખથી વધુ ખેડૂતો આ સંવાદમાં જોડાશે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com